647510 **MCM4ia0E0113** **Seat No: ___________**

**M.Com Semester - 4 (CBCS) Examination**

**March/April- 2018**

**INTERNATIONAL ACCOUNTING**

**(ELECTIVE)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-1 દેવ લિ. પોતાના મસાલા ત્રણ ઉત્પાદન વિભાગ A, B અને Cમાં ઉત્પાદન કરે છે. તેની વર્ષ 2016-17ની માહિતી નીચે પ્રમાણે પુરી પાડે છે. (20)

| વિગત | A રૂ. | B રૂ. | C રૂ. |
|---|---|---|---|
| વેચાણ | 16000 | 12000 | 12000 |
| ઉત્પાદન ખર્ચ- સ્થિર | - | 1000 | 200 |
| ચલિત | 12000 | 7000 | 6800 |
| કાચો નફો | 4000 | 4000 | 5000 |
| વહિવટી ખર્ચા | 1340 | 1160 | 1720 |
| વેચાણ ખર્ચા | 2020 | 2100 | 2320 |
| ચોખ્ખી આવક | 640 | 740 | 960 |

(1) A વિભાગનાં વેચાણમાં રૂ.2000નું C વિભાગનાં ઉત્પાદન ખર્ચે કરેલ વેચાણનો સમાવેશ થાય છે.

(2) વહીવટી ખર્ચમાં રૂ.1300 સામાન્ય ખર્ચનો સમાવેશ થાય છે. જે દરેક વિભાગનાં કાચા નફાનાં પ્રમાણમાં ફાળવવાનાં છે.

(3) વેચાણ ખર્ચમાં રૂ.1000નાં સામાન્ય ખર્ચનો સમાવેશ થાય છે. જે દરેક વિભાગમાં તેનાં વેચાણનાં 2.5% લેખે ફાળવવાનાં છે.

ઉપરોક્ત વિગત પરથી ચોખ્ખો ફાળાનાં અભિગમ દ્વારા કામગીરીને અગ્રતાક્રમ આપો.

અથવા

પ્રશ્ન-1 ડ્યુલેક્ષ પઇન્ટસને બે વિભાગ છે. વિભાગ-અ અને વિભાગ-બ. વિભાગ-અ કાચો કલર તૈયાર કરે છે. જે તે બહારનાં ઉત્પાદકોને વેચે છે અને પોતાના વિભાગ-બ ને પુરો પાડે છે. બ વિભાગ તેના પર વધું પ્રક્રિયા કરી તૈયાર કલર બનાવે છે. બ વિભાગનાં મેનેજરનો એવો અભિપ્રાય છે. કે ફેરબદલી કરેલ માલની કિંમત ઉંચી છે. તે અંગે બન્ને વિભાગોનાં મેનેજર ચર્ચા કરે છે. અને નીચેની વિગત રજુ કરે છે.

વિભાગ-અ પોતાનાં બહારનાં ગ્રાહકોને 80000 એકમ પુરા પાડે છે. અને પોતાની જ કંપનીનાં વિભાગ-બને 20000 એકમ પુરા પાડે છે. તમામ એકમની કિંમત 20 ગણી લેવામાં આવે છે. ઉપરોક્ત માંગમાં કોઇ ફેરફાર થવાની શક્યતા નથી. ઉત્પાદનની ચલિત પડતર રૂ.12 (એકમદીઠ) છે. અને સ્થિર ખર્ચ રૂ.400000 છે. બ વિભાગનાં મેનેજર આ ઉત્પાદન18 ની કિંમતે મેળવવા ઇચ્છે છે.

જો વિભાગ-અ પોતાના ઉત્પાદનનું વેચાણ બ વિભાગને ન કરે તો સ્થિર ખર્ચ રૂ.60000 અને રૂ.350000ની મિલકતો દૂર કરી શકાશે.

કંપનીની કુલ રોકાયેલી મિલકત 1600000 છે. તમે સંચાલકને નિર્ણયમાં મદદરૂપ થવા નીચેની ગણતરી કરો.

(1) બ વિભાગને રૂ.18 લેખે ફેરબદલી કરી આપવી? (2) અ વિભાગ માટે લઘુત્તમ સ્વીકાર્ય ભાવ જણાવો.

પ્રશ્ન-2 ભારતીય ચલણમાંથી વિદેશી ચલણમાં રૂપાંતરીત કરવાનો શાખા અંગેની વ્યવહાર પત્રની લંડન મુખ્ય ઓફિસનાં ચોપડે કોલકત્તા શાખાનું વેપાર ખાતું, નફા નુકશાન ખાતું અને પા.સ. તૈયાર કરો. (20)

| વિગત | ઉધાર રૂ. | જમાં રૂ. |
|---|---|---|
| સ્ટોક તા.1-1-2015નાં રોજ | 81900 | - |
| ખરીદી અને વેચાણ | 556250 | 834375 |
| દેવાદાર અને લેણદાર | 270000 | 180000 |
| હુંડીઓ | 72000 | 63000 |
| મજૂરી | 35600 | |
| ભાડું | 26700 | |
| પરચુરણ ખર્ચાઓ | 11125 | |
| ફર્નિચર | 32025 | |
| બેંક સિલક | 200700 | |
| લંડન ઓફિસનું ખાતું | | 208925 |
| | 1286300 | 1286300 |

તા.31-12-2015નાં રોજનો સ્ટોક રૂ.225000 હતો. લંડન ઓફિસનાં ચોપડામાં કોલકત્તા શાખાની તા.31-12-2015નાં રોજની ઉધાર બાકી £ 2280 હતી. ફર્નિચર ખરીદી માટે £ 350 લંડન ઓફિસ તરફની મળ્યા હતા.
વિનીમયનો દર નીચે મુજબ હતો.

તા.31-12-2014નાં રોજ એક £ = 91.

તા.31-12-2015નાં રોજ એક £ = 90.

સરેરાશ વિનીમય દર એક £ = 89.

અથવા

પ્રશ્ન-2 A સ્વદેશી શાખા અને વિદેશી શાખાનો અર્થ સમજાવી તફાવત જણાવો. (10)

પ્રશ્ન-2 B ભારતમાં વિદેશી શાખાનાં હિસાબોનું રૂપિયાનાં ચલણમાં રૂપાંતર કરવા માટેનાં ભારતીય ધોરણ AS-11 સમજાવો. (10)

પ્રશ્ન-3 શ્રી દેવેન્દ્રએ 12 લાખ ડોલરની એક સ્થિર મિલકત તા.30 જૂન 2004નાં રોજ ખરીદ કરી તે પૈકી રૂ.10 લાખ ડોલર વિદેશી ચલણ મુજબની લોન સહાય હતી. જ્યારે બાકીની રકમ સરકારી સહાય દ્વારા મળી હતી. વિદેશી લોન પર 10% વાર્ષિક વ્યાજ લેવામાં આવે છે. 1 ડોલરનો હૂંડીયામણનો દર તે વખતનો નીચે પ્રમાણે છે. (15)

મિલકત પ્રાપ્તિ વખતે = 36 રૂ.

31 મી ડિસેમ્બર 2004 = 36.50 રૂ.

31 મી ડિસેમ્બર 2005 = 37 રૂ.

કંપની તેના વાર્ષિક હિસાબો દર 31 ડિસેમ્બરે બંધ કરે છે. ઘટતી જતી બાકીની પદ્ધતિએ વાર્ષિક 15% લેખે ઘસારો ગણવામાં આવે છે. તા.31-12-2004નાં રોજ તા.31-12-2005નાં રોજ કંપનીએ બાકી વ્યાજ સાથે બન્ને તારીખોએ અનુક્રમે 2 લાખ ડોલર અને 1.5 લાખ ડોલર ચૂકવ્યા હતા.આ માહિતી પરથી હિસાબી ધોરણ-11 અનુસાર નીચેની ગણતરી કરો.

(1) બન્ને વર્ષ માટે ઘસારાની ગણતરી.

(2) તા.1-1-2005નાં રોજ અને તા.1-1-2006નાં રોજ મિલકતની બાકી.

અથવા

પ્રશ્ન-3 વિદેશી ચલણ હૂંડીયામણનો અર્થ સમજાવી, વિદેશી ચલણ રૂપાંતર માટેની હિસાબી પદ્ધતિઓની ચર્ચા કરો.

પ્રશ્ન-4 ટૂંકનોંધ આપો. (કોઇપણ ત્રણ) (15)

(1) ભારતીય હિસાબી ધોરણો. (2) ભારતીય હિસાબી ધોરણોની જરૂરીયાત. (3) આંતરરાષ્ટ્રીય હિસાબી ધોરણો.

(4) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા હિસાબી ધોરણો માટેનાં પ્રયત્નો. (5) આંતરરાષ્ટ્રીય હિસાબી બોર્ડ.

## English Version

Que-1 Dev limited produces spices in his three departments. A, B, and C. He provides his information for the year ended 2016-17 as under. (20)

| Particular | A Rs. | B Rs. | C Rs. |
|---|---|---|---|
| Sales | 16000 | 12000 | 12000 |
| Production Expenses<br>Fixed | - | 1000 | 200 |
| Variable | 12000 | 7000 | 6800 |
| Gross Profit | 4000 | 4000 | 5000 |
| Administrative Expenses | 1340 | 1160 | 1720 |
| Sales Expenses | 2020 | 2100 | 2320 |
| Net Income | 640 | 740 | 960 |

He provides the following information.

(1) The Sales of Rs.2000 in Department A is Included in the Sales done by Production Expenses of Department C.

(2) General Expenses of Rs. 1300 is included in administrative expenses which is distributed in the gross profit ratio to all the departments.

(3) General Expenses of Rs.1000 is included in Sales expenses which is distributed to each department on 2.5% of their sales.

From the above information give preference to each activity according to net profit margin approach.

OR

Que-1 Dulex Paints have two departments that is Department 'A' and Department 'B'. Department prepares raw material and sales it to outer producer and also provides some to its department 'B'. Department 'B' does same process on it and prepare color from it. View of department B's manager is that the transfer price of the raw material is very high. For this topic both the manager of department A and B

had done discussion. They Provide/reveal following information/detail.

Department 'A' Provides 80000 units to his outer customer and 20000 units to his department 'B'. The selling price of this unit is Rs.20. It is assumed that demand is to be remain same for the whole year.

The variable cost is Rs.12 per unit. Fixed expenses are Rs.400000. Department 'B''s Manager wants this raw material for Rs.18 Per unit.

If Department 'A' does not provide his raw material to Department 'B', than Fixed expenses reduces by Rs.60000 and also his assets of Rs. 350000 can be reduced. Dulex Paint's total Assets utilized in this business is Rs.1600000.

Solve the following question.

(1) Units can be transferred at Rs.18 per unit to department 'B'?
(2) Minimum Rate which is suitable for department 'A'.

Que-2 In the books ofhead office London, prepare Kolkata branch trading A/c., Profit & Loss A/c. and balance sheet by converting Indian currency to foreign currency. (20)

| Particular | Debit Rs. | Credit Rs. |
|---|---|---|
| Stock as on 1/1/2015 | 81900 | - |
| Purchase and sales | 556250 | 834375 |
| Debtors and Creditors | 270000 | 180000 |
| Bills | 72000 | 63000 |
| Wages | 35600 | - |
| Rent | 26700 | - |
| Mis. Expenses | 11125 | - |
| Furniture | 32025 | - |
| Bank balance | 200700 | - |
| London office's A/c | - | 208925 |
| | **1286300** | **1286300** |

Stock as on 31-12-2015 is Rs.225000. In the books of London, the debit balance of Kolkata branch's balance is 2280 pound. For the purchase of furniture 350 pound is received from London office.
Exchange rate is as follows.
As on 31-12-2014 one £ = 91.
As on 31-12-2015 one £ = 90.
Average exchange rate on £ = 89.

OR

Que-2 A Define domestic branch and International branch and explain its difference. (10)

Que-2 B Explain Indian Accounting standard AS-11 for conversion of foreign currency into Indian currency for accounting of Indian Branch. (10)

Que-3 Shri Devendra purchase one fixed asset for 12 lakh dollar on 30th june, 2004. For this out of total amount, 10 lakh dollar foreign currency is taken as loan and for the remaining amount 2 lakh dollar is from government subsidy. There is 10% interest on foreign loan on yearly basis. For this time the currency rate is mention as under. (15)
For the time of acquiring assets = 36 Rs.
As on 31st December 2004 = 36.5 Rs.
As on 31st December 2005 = 37 Rs.
Company closes his account on 31st December every year. Depreciation is calculated @ 15% by diminishing balance method. As on dated 31/12/2004 and on 31/12/2005, company paid along with the interest Rs. 2 lakh dollar and 1.5 lakh dollar. From the above information find out the following with consideration of accounting standard-11.

(1) Calculation of depreciation for both the years.
(2) Balance of assets as on 1/1/2005 and 1/1/2006

OR

Que-3 Explain the meaning of foreign exchange rate and discuss Accounting method to convert foreign currency.

Que-4 Short note. (any three) (15)

1. Indian accounting standard.
2. The need of Indian accounting standard.
3. International accounting standard.
4. Attempt for developing accounting standard at national and international level.
5. International accounting board.

********************